**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૮.૪ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૪૮ ટકા

# શહેરમાં ગૌરી વ્રતની તૈયારીનો પ્રારંભ



ગાંધીનગર, તા.૯

નાની બાળાને માતા રીતી રીવાજ પ્રમાણે ગૌરી વ્રત કરવાનું કહેતી હોય છે અને શાળાએ જતા બીજી બાળાને વ્રત કરતી કે વ્રત વિશે વાતો કરતી સાંભળતા તે પણ વ્રત કરવા વિશે વિચારી જ લે છે. ગૌરી વ્રતમાં જવેરા વાવી તેની પૂજા કરી માતા ગૌરીની પૂજા થાય છે. કહેવાય છે કે આ પાંચ દિવસના વ્રતનો સમયગાળો જે પાંચ કે સાત વર્ષ સુધી કરાય છે તે ભગવાનની આહવાનનો પ્રારંભ કહેવાય છે.

ગૌરી વ્રત પાછળનો મહિમા એમ છે કે ગૌરી એટલે માતા પાર્વતી. પાર્વતીજીને જેમ તપ કરીને તેમના પતિ શિવજી મળ્યા તેમ આ ગૌરી વ્રત કરી ગૌરીની આરાધના કરી બાળાઓ શિવજી જેવા પતિ મળે તેવી પ્રાર્થના કરે છે. હિંદુ સંસ્કૃતિ હિંદુ પ્રતિકોની ઉપાસના કરવામાં માને છે. જેમ કે દીવા, મૂર્તિ, વૃક્ષ દરેકનું પૂજન દૈવિક ભાવ રાખી કરાય છે જેમ જવેરા એ હિંદુ સંસ્કૃતિ અને દેવીના પ્રતીક તરીકે મનાય છે. સ્થિર મૂર્તિમાં વધઘટ થતી નથી પણ જવેરા વાવો એટલે તે ઉગે અને જલસિંચન પણ થાય. વ્રતના પાંચ દિવસોમાં તેની પૂજા થાય અને તે મોટા થાય તે જાણી ભકતને દેવી પ્રતિભાવ આપતા હોય તેમ આનંદ થાય છે. જયારે મૂર્તિનો મહિમા નહોતો ત્યારથી જ આ પ્રથા ચાલતી આવે છે. વાવણી કરવાથી લઈ તેને ઉગતા જોવાનો આનંદ મનને સંતોષ આપે છે. બાળાઓ ગૌરી વ્રત દરમિયાન સતત પાંચ દિવસ જવેરાની પૂજા કરી તેને પાણી ચઢાવી દેવી પાર્વતીની આરાધના કરે છે.

શહેરમાં અષાઢ સુદ સાતમથી જવેરા વવાઈ ગયા છે અને માર્કેટમાં દેખા દઈ રહ્યા છે. બાળાઓ ઉત્સાહભેર જવેરા ખરીદીને ગૌરી વ્રતની તૈયારી કરી રહી છે.



## રોટરેક્ટ કલબ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૯

પર્યાવરણ બચાવો અંતર્ગત રોટરેકટ કલબ ઓફ ગાંધીનગર દ્વારા આદિવાડા પ્રાથમિક શાળામાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં ૫૦ જેટલા વૃક્ષો વાવવામાં આવ્યા હતા અને રોટરેકટના સભ્યો દ્વારા પર્યાવરણ બચાવો અંતર્ગત વાવેલા વૃક્ષોનું જતન કરશે એવા શપથ લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં મેયર રીટાબેન પટેલ અને કોર્પોરેટર હર્ષાબા ધાંધલ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન રોટરેકટ કલબના સભ્ય આર્જવ જોષી દ્વારા કરવામાં આવ્યું હતું.

## લાયોનેસ કલબે નારી ગૃહની મહિલાઓને દિવેટ બનાવવાના મશીનની સુવિધા પુરી પાડી



ગાંધીનગરની લાયોનેસ કલબ તથા અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના સંયુકત ઉપક્રમે નારીગૃહની મહિલાઓને સ્વરોજગારી થકી પગભર કરી સ્વાવલંબી બનાવવાના હેતુથી દિવેટ બનાવવાના મશીનની ભાડાથી સુવિધા આપવામાં આવી છે. આ પ્રસંગે લાયોનેસ કલબના પ્રમુખ દક્ષા જાદવ, સેક્રેટરી રીટા શાહ તથા સંસ્થાના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના આયોજન માટે અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે તથા સરોજબેન દેસાઈ તથા સ્ટાફ દ્વારા સહકાર પ્રાપ્ત થયો હતો. કાર્યક્રમમાં મહિલાઓને દિવેટ બનાવવા મશીનનો કેવી રીતે ઉપયોગ કરવો તે અંગેની તાલીમ લાયોનેસ કલબના પરાગીબેન પંડયાએ આપી હતી.

## સ્વામિનારાયણ પોલિટેકનિકમાં જોબ ફેર યોજાયો

ગાંધીનગર પાસેના ભાટ ખાતેની સ્વામિનારાયણ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી ખાતે યોજાયેલ પ્લેસમેન્ટ ફેરમાં વિવિધ શાખાના ૫૦ જેટલા વિદ્યાર્થીઓનું પ્લેસમેન્ટ થવા પામ્યું હતું. જેમાં સૌથી વધુ પ્લેસમેન્ટ ઈલેકટ્રીકલ અને ઈલેકટ્રોનિકસ કોમ્યુનિકેશનમાં જોવા મળ્યુંહતું. જોબ ફેરમાં વિવિધ મલ્ટિનેશનલ કંપનીઓએ ભાગ લીધો હતો.




## સમદર્શન આશ્રમ ખાતે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગરમાં આગામી તા. ૧૬મી જુલાઈ મંગળવારે ગુરૂપૂર્ણિમાના પવિત્ર તહેવારને અનુલક્ષીને સેકટર-૧ ખાતેના સમદર્શન આશ્રમ દ્વારા પરંપરાગત રીતે ગુરૂપૂર્ણિમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં સવારે ૭ કલાકે ગુરુ પરંપરા પૂજન, ૯ કલાકે પૂ. ગુરુમાનું પૂજન તથા ૧૦.૩૦ કલાકે પૂ. ગુરૂમા ઉદબોધન કરશે. આ સાથે ૧૧.૩૦ કલાકે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગુરૂપૂર્ણિમા મહોત્સવના મુખ્ય યજમાનપદે શ્રીકાંતભાઈ વડેરા અને વિદુલાબેન વડેરા બિરાજશે. કર્તૃત્વના અહંકારને તથા અપૂર્ણતાના અંધકારને દૂર કરી જીવનને પૂર્ણતાથી છલકાવી દેનાર સદગુરૂ અને સમસ્ત પરંપરાના દર્શન, પૂજન અને આર્શીવચનથી લાભાન્વિત થવા શહેરની ધાર્મિક જનતાને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# જીવનમાં ‘ધર્મ’ એ સ્પેરવ્હિલ જેવી અગત્યની ભૂમિકા ભજવે છે : પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.



ગાંધીનગર, તા.૯

જૈનાચાર્ય પૂ. ઉદયવલ્લભસૂરિ મહારાજ સાહેબે આજે કહ્યું હતું કે, ‘રસ્તા પર ચાલતી ગાડીમાં જેમ આપણને ચાર વ્હિલ દેખાય છે, પણ એક સ્પેર વ્હિલ પણ પાછળ મૂકેલ હોય છે. જે કટોકટીના સમયે કામ લાગે છે તેમ ધર્મ એ આપણા જીવનની ગાડીનું સ્પેર વ્હિલ છે, એ કટોકટીના સમયે કામ લાગે જ છે. જેના આધારે સૌથી વધારે ફાયદો થયો હોય તેને આપણે અવગણીએ છીએ. દેખાતી વસ્તુઓ જેમ ઉપયોગી છે તેમ નહિ દેખાતી વસ્તુ સ્પેર વ્હિલ (ધર્મ) કટોકટીના સમયે કામ લાગતી વસ્તુને અવગણવી ન જોઈએ. હું આજે જે પામ્યો છું એના મૂળમાં ધર્મ છે. આજે હું જે સારું આરોગ્ય, સારો પરિવાર, સારું શરીર, સારુ રૂપ, સારી શકિત, સારી સંપત્તિ-સમૃદ્ધિ પામ્યો છું આ બધાના મૂળમાં ધર્મ છે. કટોકટીમાં કામ તો લાગે છે પણ કટોકટી સર્જાય જ નહિં એવા સંયોગો ઉભા કરી દે એ પણ ધર્મનું જ ફળ છે. ધર્મ બહુ જ ઉપકારી છે અને જે ધર્મને અગ્ર ક્રમ આપે છે એને હંમેશા અગ્રતા મળે છે. ‘ધમ્મો રક્ષતિ રક્ષિતઃ જે ધર્મની રક્ષા કરે છે, ધર્મ તેની રક્ષા કરે છે.’’

અત્રે ઉલ્લેખનીય છે કે પૂ. ઉદયવલ્લભસૂરિ મ.સા.ના ચાતુર્માસે યોજાતા દરરોજ પ્રવચનનો સમય ૭.૪૫ થી ૮.૪૫નો છે. જેમાં ગાંધીનગરની સર્વે ધર્મ વાંચ્છુક પ્રજાને પ્રવચનમાં પધારવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ઈન્દ્રોડા ગામે દારૂના નશામાં યુવકે પોલીસ પર હુમલો કર્યો

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર શહેરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામે મંગળવારના રોજ સવારના સુમારે બે પાડોશીઓ વચ્ચે જુની અદાવતને પગલે રકઝક ચાલી રહી હતી. જેમાં એક પરિવારે પોલીસને ફોન કરતા પીસીઆર વાન ત્યાં બનાવ સ્થળ પર પહોંચી ગઈ હતી ત્યારે દારૂના નશામાં રહેલા યુવકે પીસીઆરમાં રહેલા એએસઆઈનો કોલર પકડીને બે લાફા માર્યા હતા. જેને પગલે પીસીઆરના સ્ટાફે કંટ્રોલમાં ફોન કરતા અન્ય ચાર પીસીઆર વાન આવી પહોંચી હતી. તે ઉપરાંત અન્ય પોલીસ કાફલો પણ ઈન્દ્રોડા ગામે પહોંચી ગયો હતો. જો કે તે પહેલા જ પોલીસ પર હુમલો કરનાર પિતા-પુત્ર એકટીવા લઈને છુ મંતર થઈ ગયા હતા બનાવને પગલે પોલીસે ઈન્દ્રોડા ગામ અને આસપાસના વિસ્તારમાં પિતા-પુત્રની શોધખોળ આદરી હતી પરંતુ મળી આવ્યા ન હતા. જો કા આ બનાવ અંગે મોડી સાંજ સુધીમાં કોઈ પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી. પરંતુ આ ઘટના નગરજનોમાં ચર્ચાનો મુદ્દો બની હતી.

# સિવિલમાં ઉંદર પાંજરે પુરાશે..!

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર સિવિલ અનેક સમસ્યાઓથી પિડાય છે. એક સમસ્યાનો ઉકેલ લાવવામાં આવે કે બીજી સમસ્યા ઉભી થઈ જાય છે. ઉભરાતી ગટરો, લીફટમાં પાણી ભરાઈ જવું, પોપડા પડવા, વોર્ડમાં પાણી ન આવવું, તો બીજી તરફ અન્ય વોર્ડમાં પાણી ભરાઈ જવા સહિતની ફરીયાદ રોજ બરોજ ઉઠવા પામે છે.ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉંદરનો ત્રાસ ઘણા સમયથી છે. ઉંદરોના ત્રાસને પગલે સિવિલ તંત્રને નુકશાનનો પણ સામનો કરવો પડ્યો છે. ટેલીફોનના વાયરો, કોમ્પ્યુટરના વાયરો, તેમજ જરુરી રેકર્ડને પણ નુકશાન પહોંચાડતા હોવાથી તંત્ર દ્વારા ઉંદર પકડવા માટે કવાયત હાથ ધરી છે. સિવિલમાં અગાઉ પણ ઉંદરોના ત્રાસને પગલે પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. ઘણા સમય સુધી પાંજરા વિવિધ વોર્ડ અને અન્ય જગ્યાએ મુકવામાં આવ્યા હતા પરંતુ એક પણ ઉંદર નહી પકડાતા આખરે પાંજરા હટાવી લેવા પડ્યા હતા. જયારે આઈસીયુમાં દર્દીને ઉંદર કરડવાની ઘટનાને પગલે તંત્ર દ્વારા તાત્કાલીક અસરથી ઉંદરના પાંજરા મંગાવવા માટેની વિચારણા ચાલી રહી છે. તંત્ર દ્વારા જરુરી રૂપીયા પણ ફાળવી દેવામાં આવ્યા છે. નવી બિલ્ડીંગમાં ઠેર ઠેર ઉંદરના પાંજરા ગોઠવવમાં આવશે. ત્યારે ૫૦ થી વધુ પાંજરા સિવિલના વિવિધ વોર્ડમાં ગોઠવવામાં આવશે અને બીજીતરફ ઉંદરને પકડવા માટેની અન્ય તરકીબ પણ તંત્ર દ્વારા અપનાવવામાં આવશે. હાલ તો ઉંદર કરડવાની ઘટનાને પગલે સિવિલ તંત્ર સાબદુ બની જવા પામ્યું છે. તો બીજીતરફ અનેક સમસ્યાઓથી પિડાતી મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં ડોકટર્સ અને તંત્રના અધિકારીઓ રાત-દિવસ કામગીરી કરીને દર્દીઓને આરોગ્યલક્ષી સારવાર વધુ સુદ્રઢ આપવા માટે મથામણ કરી રહ્યા છે.



ગાંધીનગરના સુપ્રસિધ્ધ ઈન્દ્રોડા પ્રકૃતિ પાર્ક ખાતે વન્યપ્રાણીઓની સાર સંભાળ રાખતા એનિમલ કિપર્સ કર્મચારીઓ માટે વી કેર ફાઉન્ડેશન દ્વારા હેલ્થ મેનેજમેન્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ તથા જાણીતા યોગ શિક્ષક જે.સી. પટેલ દ્વારા યોગ સાથે સ્વાસ્થ્યની સંભાળ રાખવા તેમની આગવી શૈલીમાં માર્ગદર્શન આપ્યું હતું.

## ભાટ ટોલ-ટેક્ષ પાસેથી ઘેટા-બકરા ભરીને જતી ટ્રક ઝડપાઈ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર નજીક ભાટ પાસેથી ઈન્ફોસીટી પોલીસે ઘેટા-બકરા ભરીને જતી એક ટ્રક પકડી પાડી તેમાંથી ત્રણ ઈસમો સહિત ૪૦ બકરા અને ૨૧૬ ઘેટાને બચાવી લેવામાં આવ્યા છે. ઈન્ફોસીટી પોલીસે ઘેટા-બકરા સહિત ત્રણ ઈસમો અને ટ્રક મળીને કુલ રૂ.૭, ૨૮,૦૦૦નો મુદામાલ કબ્જે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ અમદાવાદના એક જાગૃત નાગરીકની સજાગતાથી આ પોલીસે ઘેટા-બકરા ભરેલી ટ્રક પકડી પાડી હતી. જાગૃત નાગરીકે કંટ્રોલ રૂમમાં માહિતી આપી હતી કે તપોવન સર્કલથી રીંગરોડ પર ટ્રક નં. જી.જે.૨૪.વી.-૩૯૪૬ ઘેટા-બકરા ભરીને પસાર થઈ રહી છે જેને પગલે ઈન્ફોસીટી પોલીસે વોચ ગોઠવી ટોલટેક્ષ પાસેથી ટ્રકને પકડી પાડી હતી. પોલીસે ટ્રકમાં ચેકીંગ કરતા અંદર હલન-ચલન કરી ન શકે તેવી અવસ્થામાં ઘેટા અને બકરાને ભર્યા હતા. ત્યારે ટ્રકમાં પશુ લઈને જઈ રહેલા હનીફખાન વાઘજીખાન પઠાણ (રહે.વાઘના, સિધ્ધપુર), જબાર સફીમહમદ કુરેશી (રહે. ગવાડી, બનાસકાંઠા) અને સાજીદ યુનુસભાઈ શેખ (રહે. ગવાડી બનાસકાંઠા)ને પકડી પાડી પોલીસે પરમીટ માંગતા તેઓની પાસે ન હતી. ઈન્ફોસીટી પોલીસે રૂ.૨૦ હજારની કિંમતના ૪૦ બકરા અને રૂ. ૧.૦૮ લાખની કિંમતના ૨૧૬ બેટા, ૬ લાખની કિંમતનો ટ્રક કબ્જે લીધો હતો. ત્રણેય આરોપી સામે પશુઓ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવા માટેના અધિનિયમ હેઠળ ગુનો નોંધીને ઈન્ફોસીટી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સે-૭ પોલીસે બે રીઢા વાહનચોર પકડી પાડતા ૩૩ વાહનચોરીનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર,તા.૯

ગાંધીનગર શહેરના સેકટર-૭ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોડે બે રીઢા વાહનચોરને પકડી પાડ્યા છે. બે વાહન ચોરને પકડીને પોલીસે રીક્ષા અને બાઈક મળીને કુલ-૩૩ વાહન ચોરીનો ભેદ ઉકેલી નાંખ્યો છે. ચોર યુવાનો એ ગાંધીનગર, સાબરકાંઠા અને અમદાવાદના સોલા હાઈકોર્ટ, શાહીબાગ અને આનંદનગર વિસ્તારમાંથી વાહનોની ઉઠાતરી કરી છે. નાની ઉંમરથી જ ચોરી કરવાના રવાડે ચઢી ગયેલા યુવાનો શહેરમાં ભીડભાડવાળી જગ્યાએ પાર્ક કરેલા વાહનો ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી વાહનો ચોરી પોતાના મોજશોખ પુરા કરતા હતા. સે-૭ પોલીસે ૨૬ બાઈક અને ૭ રીક્ષા મળી કુલ રૂ. ૧૦, ૬૬,૦૦૦ ની કિંમતના ૩૩ વાહનો પરત મેળવ્યા છે.

| પોલીસ મથક | વાહનોની સંખ્યા | વાહનોની કિંમત |
|---|---|---|
| સેકટર-૭ | ૧૩ | રૂ.૨,૭૪,૦૦૦ |
| સેકટર-૨૧ | ૦૧ | રૂ.૩૫,૦૦૦ |
| ચિલોડા | ૦૧ | રૂ. ૧૫,૦૦૦ |
| શાહીબાગ | ૦૧ | રૂ.૧૨,૦૦૦ |
| સોલા હાઈકોર્ટ | ૧૨ | રૂ.૬,૪૩,૦૦૦ |
| આનંદનગર | ૦૧ | રૂ.૧૨,૦૦૦ |
| હિંમતનગર | ૦૧ | રૂ.૨૦,૦૦૦ |
| પ્રાંતિજ | ૦૧ | રૂ.૨૫,૦૦૦ |
| અન્ય | ૦૨ | રૂ.૩૦,૦૦૦ |

ગાંધીનગર શહેરમાં વાહનચોરીના કેસ બેફામ બની રહ્યા છે. ત્યારે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી સેકટર-૭ પોલીસે વાહન ચોરીના ગુના ઉકેલવા માટે રાત-દિવસ એક કરી નાંખ્યો હતો. ત્યારે સર્વેલન્સ સ્કવોડનાના પીએસઆઈ ડી.એસ.રાઓલની ટીમના મહાવીરસિંહ રાણા અને જગદીશસિંહને સંયુકત રીતે વાહનચોર અંગે બાતમી મળી હતી, જેને પગલે પોલીસે સેકટર-૧૧ પાસેના મેદાનમાંથી સંજય ઉર્ફે લાલો જગદીશભાઈ બજાણીયા (ઉં.વ.૧૮ હે. મજરા તલોદ રોડ, પ્રાંતિજ મુળ - રાસલોડ) અને રાજેન્દ્ર ઉર્ફે રાજુ લખમા રોત (ઉં.વ.૧૯ રહે. થરાદ ચોકડી, બનાસકાંઠા મુળ રહે. ડુંગરસારણ, ડુંગરપુર રાજસ્થાન) ચોરીના બાઈક સાથે પકડી પાડ્યા હતા. તેમની અટકાયત કરીને ઉંડાણપૂર્વક પુછપરછ કરતા તેમણે એક બે નહી પરંતુ ૩૩ વાહન ચોરીની કબુલાત કરી હતી. આ રીઢા વાહનચોરોએ શહેરના સેકટર-૨૧, ૭ અને ચિલોડા પોલીસ મથકના વિસ્તારમાંથી વાહન ચોરી કરી હતી, તે ઉપરાંત સાબરકાંઠાના પ્રાંતિજ અને હિંમતનગર જયારે અમદાવાદના વિવિધ પોલીસ મથક વિસ્તારમાંથી વાહનોની ઉઠાંતરી કરી હતી.






## ગૌરીવ્રત નિમિત્તે જલારામ મહિલા મંડળ દ્વારા કાર્યક્રમ

જલારામ મહિલા મંડળ દ્વારા તા. ૧૪ જુલાઈના રોજ ગૌરીવ્રત નિમિત્તે સમાજની બહેનો અને બાળાઓ માટે બપોરે ૨.૩૦ થી ૫.૦૦ કલાક દરમિયાન હાઉસીનું આયોજન કરવામાં આવ્યું છે. જલારામ મંદિર સે-૨૯ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ભૂતપૂર્વ પ્રમુખના સન્માન સમારંભનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સમાજની દરેક બહેનોને સમયસર ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ દ્વારા જણાવાયું છે.

## ચિરવિદાય

- સ્વ. પ્રજાપતિ પાર્વતીબેન રમણભાઈ, ઉ.વ. ૬૨
- સ્વ. પટેલ કાન્તીભાઈ મગનદાસ, ઉ.વ. ૭૯
- સ્વ. ભટ્ટ જયંતકુમાર ગીરધરલાલ, ઉ.વ. ૮૩